નસવાડી તાલુકાની યુવતીને ગામની બહાર જંગલ વિસ્તારમાં લઈ જઈ દુષ્કર્મ આચરવામાં આવ્યું

## માનસિક અસ્વસ્થ યુવતી પર દુષ્કર્મ

**પરિવારનો** ગેંગરેપનો કરાયો આક્ષેપ

**યુવતીની હાલત** ગંભીર હોવાથી તેને સારવાર માટે વડોદરા ખસેડવામાં આવી

(પ્રતિનિધિ) નસવાડી, તા.24

નસવાડી તાલુકાના ડુંગર વિસ્તારના એક ગામમાં બનેલી અતિ હૃદયવિદારક ઘટનાએ સમગ્ર પંથકને હચમચાવી દીધો છે. માનસિક રીતે અસ્વસ્થ એક યુવતીને ગામની બહાર જંગલ વિસ્તારમાં લઈ જઈ દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. હાલ યુવતીની હાલત ગંભીર હોવાથી તેને સારવાર માટે વડોદરા ખસેડવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ગામની મહિલા સરપંચ અને તેમના પતિને જાણ મળી હતી કે ડુંગર વિસ્તારમાં એક મહિલાની લાશ પડી છે. આ જાણ થતાં સરપંચ, તેમના પતિ તથા ગામના કેટલાક લોકો સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ત્યાં એક મહિલા નગ્ન હાલતમાં પડી હતી. નજીક જઈ તપાસ કરતાં મહિલા હરકત કરતી હતી અને પાણી માંગી રહી હતી.

આ દૃશ્ય જોઈ સરપંચના પતિના પગ નીચેથી જમીન ખસી ગઈ હતી, કારણ કે તે મહિલા તેમની સગી બહેન હતી. પીડિતા જીવિત હોવાનું જાણવા મળતાં તાત્કાલિક તેને સારવાર માટે નસવાડી લઈ જવામાં આવી, ત્યારબાદ રાજપીપળા અને અંતે તેની ગંભીર સ્થિતિને પગલે



વડોદરા ખાતે ખસેડવામાં આવી છે, જ્યાં તેની સારવાર ચાલુ છે.

આ ઘટનાની જાણ થતાં સમગ્ર ગામમાં ભારે રોષનો માહોલ છવાઈ ગયો હતો. જેમ જેમ ઘટના અંગે માહિતી ફેલાતી ગઈ તેમ તેમ લોકોમાં આરોપી સામે આક્રોશ વધતો ગયો. આજે મોટી સંખ્યામાં ગ્રામજનો નસવાડી પોલીસ સ્ટેશન પર એકત્રિત થયા હતા અને આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. ગ્રામજનો પોલીસ સ્ટેશનના પટાંગણમાં બેસી ગયા હતા, જેના કારણે થોડીવાર તણાવની સ્થિતિ સર્જાઈ હતી.

પોલીસે ગ્રામજનોને સમજાવીને જણાવ્યું હતું કે ઘટના અંગે યોગ્ય અને નિષ્પક્ષ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. પોલીસ દ્વારા દુષ્કર્મની ફરિયાદ નોંધી લેવામાં આવી છે અને એક આરોપીની ધરપકડ પણ કરવામાં આવી છે, જેને ગણતરીના કલાકોમાં ઝડપી લેવામાં આવ્યો હતો.

પરંતુ પીડિતાના પરિવારજનો, ખાસ કરીને પીડિતાનો ભાઈ, આક્ષેપ કરી રહ્યા છે કે આ ઘટના માત્ર એક વ્યક્તિ દ્વારા નહીં પરંતુ એકથી વધુ વ્યક્તિઓ દ્વારા સામૂહિક દુષ્કર્મ (ગેંગરેપ) કરવામાં આવ્યું છે. આ મુદ્દે પોલીસ પણ હાલ તપાસના તબક્કે છે અને તમામ પાસાઓ પરથી તપાસ ચાલી રહી હોવાનું જણાવવામાં આવ્યું છે.

આ માનવતાને શરમાવે તેવી ઘટનાએ અનેક ગંભીર સવાલો ઊભા કર્યા છે. પોલીસ તપાસ બાદ સાચી હકીકત બહાર આવશે, પરંતુ હાલ સમગ્ર વિસ્તાર પીડિતાને ન્યાય મળવાની આશામાં રાહ જોઈ રહ્યો છે. હવે જોવાનું રહ્યું કે તપાસમાં શું ખુલાસા થાય છે અને દોષિતો સામે કાયદેસર કેવી કાર્યવાહી થાય છે.

ઉડતી ધૂળના કારણે બાઈક પર જતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે

## શિનોર-કાયાવરોહણ માર્ગના મંથર ગતિએ કામ સામે રોષ

**સ્થાનિક વાહનચાલકો** અને ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

(પ્રતિનિધિ) શિનોર, તા.24

સાધલી-કાયાવરોહણ માર્ગ પર ચાલી રહેલું કામ ધીમી ગતિએ આગળ વધી રહ્યું હોવાથી સ્થાનિક વાહનચાલકો અને ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વડોદરા જવા માટેનો આ મહત્વનો માર્ગ હોવા છતાં કામ મંથરગતિએ ચાલતું હોવાથી રસ્તા પર કપચી અને મેન્ટલ પડ્યા રહેતા અકસ્માતની



ભીતિ વધતી જાય છે.

રસ્તા પર ઉડતી ધૂળના કારણે ખાસ કરીને પરિવાર સાથે બાઈક પર જતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આંખોમાં ધૂળ જવાથી દૃશ્યતા ઘટે છે અને અકસ્માતનો ભય વધુ વકરી રહ્યો છે. સ્થાનિક લોકો દ્વારા સંબંધિત એજન્સીને વહેલી તકે કામ પૂર્ણ કરવાની માંગ ઉઠાવવામાં આવી છે. થોડા સમય પહેલા સ્ટેચ્યુ ઑફ યુનિટી તરફ જતી માર્ચને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ધોરણે એક બાજુનો રસ્તો તૈયાર કરવામાં આવ્યો હતો. પરંતુ લાખો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલો તે રસ્તો પણ બાદમાં તોડી પાડવામાં આવ્યો હોવાની ચર્ચા છે. આ પરિસ્થિતિને લઈને લોકોમાં પ્રશ્ન ઉઠી રહ્યો છે કે શું તાત્કાલિક માર્ગ વ્યવસ્થા માત્ર નેતાઓ માટે જ કરવામાં આવે છે? સામાન્ય જનતાને સુરક્ષિત અને સગવડભર્યો માર્ગ ક્યારે મળશે – તેવો સવાલ હવે ચર્ચાનો વિષય બન્યો છે.

પોલીસે બે પઢિયાર પરિવાર સામ સામે રાયોટીંગ અને મારામારી નો ગુન્હો નોંધી કાર્યવાહી કરી

## પાદરા તાલુકાના દણોલી ગામે પાણી છોડવાના મુદ્દે મારામારી : 18 સામે ગુનો

**આરોપીઓએ** આડેધડ હુમલો કરી અનેકને માથા સહિત શરીરે ઈજાઓ પહોંચાડી

(પ્રતિનિધિ) પાદરા, તા.24

પાદરા તાલુકાના દણોલી ગામમાં પાણી છોડવાના મુદ્દે થયેલી બોલાચાલી ઉગ્ર મારામારીમાં ફેરવાતા વડુ પોલીસ સ્ટેશનમાં ગંભીર ગુનો નોંધાયો છે.

આ મામલે અરવિંદભાઈ ભવાનભાઈ પઢિયાર (ઉ.વ.૫૪,



ધંધો-ખેતી, રહે. પીપરવાળું ફળીયું, દણોલી, તા.પાદરા) એ ફરિયાદ નોંધાવી છે. ઘટનામાં કુલ ૯ લોકોને ઈજાઓ પહોંચી હોવાનું સામે આવ્યું છે.

તા.૨૩/૦૨/૨૦૨૬ના રોજ સવારે અંદાજે ૧૦ વાગ્યે લક્ષ્મીબેને આરોપી પાર્થ ઉર્ફે રામસંગને સમયસર પાણી છોડવા બાબતે કહેલ. આ બાબતે અદાવત રાખી આરોપીઓ લોખંડનું પાનુ અને લાકડાના ડંડા સાથે ફરીયાદીના ઘરની આગળ આવી ગાળો આપી ઝગડો કર્યો હતો. વચ્ચે પડનાર પરિવારજનો પર પણ આરોપીઓએ આડેધડ હુમલો કરી અનેકને માથા સહિત શરીરે ઈજાઓ પહોંચાડી અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

જ્યારે સામા પક્ષે પાદરા તાલુકાના દણોલી ગામમાં જૂથ અથડામણ મામલે હવે પ્રતિગુનો પણ નોંધાયો છે. વડુ પોલીસ સ્ટેશનમાં જયેશભાઈ છીતાભાઈ પઢિયાર (ઉ.વ.૩૬, રહે. ભાથુજીવાળું ફળીયું, દણોલી) ની ફરિયાદ આધારે ૯ લોકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ફરિયાદ અનુસાર તા.૨૩/૦૨/૨૦૨૬ના રોજ સવારે દણોલી ગામના પીપરવાળા ફળીયામાં બંને પક્ષ વચ્ચે બોલાચાલી બાદ મામલો ઉગ્ર બન્યો હતો. આરોપીઓ એકસંપ થઈ લાકડાના ડંડા જેવા હથિયારો સાથે આવી ફરીયાદી પક્ષને ગાળો આપી મારામારી કરી હતી.

કલેક્ટરના જાહેરનામાથી રેતી ખનન પર રોક, ખેડૂતો અને ગ્રામજનોમાં ખુશીની લહેર

## માલસર તીર્થ બચ્યું, રેતી-માફિયાના મનસૂબાઓ પર તંત્રની લાલ આંખ

(પ્રતિનિધિ) વડોદરા; 24

માલસર જેવા પવિત્ર અને ઐતિહાસિક તીર્થસ્થાનને બરબાદ કરવાની મેલી મુરાદ ધરાવતા ભૂ-માફિયાઓના પ્રયાસો પર અંતે તંત્રે કડક કાર્યવાહી કરી છે. ટરબાવો દ્વારા ગેરકાયદેસર રીતે રેતી ખનન કરી માલસર તીર્થ અને આસપાસના ખેતી પાકોને નુકસાન પહોંચાડવાના પ્રયાસો સામે કલેક્ટરે જાહેરનામું પ્રસિદ્ધ કરી સ્પષ્ટ પ્રતિબંધ મૂકતા ગામના લોકો અને ખેડૂતોમાં ખુશીની લાગણી ફરી વળી છે.

આ જાહેરનામાના કારણે



તુવેર અને કેળાના પાકને થતું ભારે નુકસાન અટકશે તેવી આશા સાથે માલસર ગામના ખેડૂતો અને ગ્રામજનો દ્વારા નર્મદા નદીમાં 108 લીટર દૂધથી અભિષેક કરવામાં આવ્યો હતો. સાથે જ 1008 દિવડાઓ પ્રગટાવી નર્મદા મૈયાની ભવ્ય મહા આરતી માલસર ઘાટ ઉપર કરવામાં આવી હતી. છેલ્લા ચાર દિવસથી ગામના અનેક નાગરિકો નર્મદા મૈયા સમક્ષ માનતાઓ પૂરી કરી રહ્યા છે.

કલેક્ટરના આ નિર્ણયથી ગામમાં આનંદ અને સંતોષનો માહોલ છવાઈ ગયો છે. ગ્રામજનો અને ખેડૂતો દ્વારા માલસર તીર્થને બચાવવા બદલ તંત્રનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. પૂજા અને માનતામાં અતુલભાઈ પટેલ, ધર્મેન્દ્રભાઈ પટેલ, કેળાના વેપારીઓ, ગામના ખેડૂતો તેમજ મોટી સંખ્યામાં મહિલાઓ આ પવિત્ર કાર્યમાં જોડાયા હતા.

રેતીની લીઝનો રસ્તો બંધ થતા હવે પ્રશ્ન ઉઠી રહ્યો છે કે આ ભૂ-માફિયાની ટોળકીને રાજકીય કે સરકારી સ્તરે કોનું પીઠબળ હતું? ગામના નિર્દોષ લોકોને વર્ષો સુધી રંજાડનાર તત્વો સામે કડક તપાસ થાય તેવી માંગ ઉઠી છે. માલસર તીર્થ વિસ્તારમાં આવેલા અનેક આશ્રમોમાં સાધુ-સંતો, મહાત્માઓ તપ, જપ અને ભજન કરી રહ્યા છે.

કંડવા જૂથ ગ્રામપંચાયતમાં આવેલ સોસાયટીના 100 થી વધુ મકાન માલિકોનો વેરો બાકી પડતા નોટીસ

## તલાટીએ સોસાયટીના રહેવાસીઓને વેરો બાકી પડતા નોટિસ પાઠવી

(પ્રતિનિધિ) નસવાડી, તા.24

નસવાડી તાલુકાના કંડવા જૂથ ગ્રામપંચાયત માં આવેલ શિશુવિહાર સોસાયટી ના 100 થી વધુ મકાન માલિકો 5 વર્ષ થી વેરો ના ભરતા તલાટી એ સોસાયટીના રહેવાસીઓને નોટિસ પાઠવી બિલ્ડરે સોસાયટી વેચી દીધી અને વીજ મીટર લેવા માટે પ્રથમ વખત વેરો ભર્યા બાદ મકાન માલિકો વેરો ના ભરતા ગ્રામ પંચાયત સત્તાધિશો લાલઘૂમ જિલ્લા ના ઉચ્ચ અધિકારીઓ પણ ગ્રામ પંચાયત ને વેરા વસૂલવા માટે ભારે દબાણ કરી રહ્યા છે.

નસવાડી થી બે કિલોમીટર દૂર કંડવા જૂથ ગ્રામપંચાયત આવેલ છે અને કંડવા જૂથ ગ્રામપંચાયત વિસ્તાર માં વડોદરા ના એક બિલ્ડરે શિશુવિહાર નામની એક સોસાયટી બનાવી હતી અને બિલ્ડરે મકાનો બનાવી ને વેચ્યા હતા જ્યારે આ સોસાયટી માં નવા વીજ કનેક્શન મેળવવા માટે ગ્રામ પંચાયત પાસે આકરણી કરાવી ને વેરો મકાન માલિકો એ પ્રથમ વખત ભર્યો હતો હાલ 100 થી વધુ મકાન માલિકો વેરો ના ભરતા કંડવા જૂથ ગ્રામપંચાયત માં તલાટી ના જણાવ્યાં મુજબ તમામ મકાન માલિકો ને નોટીસો આપવામાં આવી છે અને શિશુવિહાર સોસાયટી માં 5 લાખ થી વધુ રકમ ના વેરા ની વસૂલાત બાકી છે બીજી તરફ ઉચ્ચ અધિકારીઓ વેરા વસૂલાત માટે દબાણ કરી રહ્યા છે અને સોસાયટી ના રહીશો વેરો ભરતા નથી હાલ તો વેરા વસૂલાત ની ઝુંબેશ ચાલતી હોવાથી નોટિસો આપવામાં આવી છે સમયસર વેરો નહીં ભરે તો કડક કાર્યવાહી કરવામાં આવશે જ્યારે હાલ તો કંડવા જૂથ ગ્રામપંચાયત વિસ્તાર માં આવેલી આ સોસાયટી માં વધુ પડતા સરકારી કર્મચારીઓ રહે છે અને તેઓ પણ વેરો ના ભરતા બિલ્ડર અને સોસાયટી ના રહીશો વચ્ચે વિવાદ ચાલતો હોવાનું જાણવા મળી રહ્યું છે.

## ડમ્પર ચાલકની ટક્કરથી યુવક ગંભીર ઈજાગ્રસ્ત

(પ્રતિનિધિ) પાદરા, તા.24

પાદરા નગરમાં અજાણ્યા ડમ્પર ચાલકની ટક્કરથી યુવક ગંભીર ઈજાગ્રસ્ત પાદરા માં અજાણ્યા ડમ્પર ચાલકની બેફામ હંકારથી એક યુવકને ગંભીર ઈજાઓ પહોંચ્યાની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ, ફરીયાદી કલ્પેશભાઈ રમેશભાઈ પઢીયાર (ઉ.વ.૩૯, રહે. દ્વારકેશનગર સોસાયટી, જાસપુર રોડ, પાદરા) દ્વારા પાદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરીયાદ અનુસાર ગત રોજ પાદરા માં દરજી દ્વારકાધિશ સોસાયટીના ગેટ સામે કિશોરભાઈ રમેશભાઈ પઢીયાર (ઉ.વ.૩૫) રસ્તો ક્રોસ કરી રહ્યા હતા. તે દરમિયાન એક અજાણ્યા ડમ્પર ચાલકે બેફિકરાઈ અને ગફલતભરી રીતે ડમ્પર હંકારી તેમને અડફેટે લીધા હતા. અકસ્માતમાં કિશોરભાઈને ડાબા પગના ઘૂંટણથી નીચે ગંભીર ઈજાઓ તેમજ શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ ડમ્પર ચાલક વાહન સાથે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્તને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું જણાવ્યું છે. આ બનાવ અંગે પાદરા પોલીસ એ કાયદેસરની કાર્યવાહી કરી ફરાર ડમ્પર ચાલકને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

ગુના ના કામે કબ્જે કરેલ 21,373 નંગ બોટલોનો નાશ કરાયો

## ચાણોદ પોલીસ સ્ટેશન દ્વારા પકડાયેલા દારૂ ના જથ્થા પર રોલર ફેરવી નાશ કરવામાં આવ્યો

(પ્રતિનિધિ) ડભોઇ, તા.24

ડભોઇ વાઘોડિયા તથા ચાણોદ પોલીસ સ્ટેશન ની હદ વિસ્તાર માંથી પકડાયેલ વિદેશી દારૂ ના અલગ અલગ ગુના ના કામે કબ્જે કરેલ 21373 નંગ બોટલ જેની કિંમત 40,03,289 ના મુદ્દામાલ નો નાશ વડોદરા ગ્રામ્ય પોલીસ દ્વારા કરવામાં આવ્યો હતો.

ડભોઇ પોલીસ સ્ટેશન પી.આઈ જે.એમ.ચાવડા વાઘોડિયા પોલીસ સ્ટેશન પી.આઈ એ.કે. ભરવાડ ચાણોદ પોલીસ સ્ટેશન પી.આઈ ડી.આર. ભાદરકા, દ્વારા ડભોઇ વાઘોડિયા



તથા ચાણોદ પોલીસ સ્ટેશન માં પડી રહેલ પ્રોહીબિશન મુદ્દામાલ ના નાશ માટે નામદાર કોર્ટ પાસે થી જરૂરી મંજૂરી મેળવી સિતપુર ગામેં આવેલ તુલસી રેસિડેન્સી ખાતે પંચો સહિત વિદેશી દારૂ નાશ કમિટી ના અધિકારી સબ ડીવીઝન મેજિસ્ટ્રેટ રવીરાજ સિંહ પરમાર ડભોઇ સેવાદસન, તથા ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક સી.એન.ચૌધરી ડભોઇ ડીવીઝન તથા એમ.એમ.મંગરોલીયા સુપ્રિટેન્ડેન્ટ નશાબંધી અને આબકારી તેમજ ઉપરોકત પોલીસ સ્ટેશન ના પોલીસ ઈન્સ્પેક્ટર ની હાજરી માં ડભોઇ પોલીસ સ્ટેશન ના અલગ અલગ ગુના માં કબ્જે કરેલ દારૂ તથા બિયર મળી કુલ 13,09,003,વાઘોડિયા પોલીસ સ્ટેશન ના અલગ અલગ ગુનાઓ માં કબ્જે કરેલ દારૂ તથા બિયર કિંમત 87,080, તથા ચાણોદ ના અલગ અલગ ગુનાઓ માં કબ્જે કરેલ દારૂ તથા બિયર મળી કુલ 26,07,206 ના મુદ્દામાલ સહિત કુલ 40,03,289 ના મુદ્દામાલ પર રોલર ફેરવી જથ્થા નો સંપુર્ણ નાશ કરવામાં આવ્યો હતો.

કન્યાદાન અને લગ્ન ખર્ચ માટે દાન કરી દીકરીને આશિર્વાદ આપીએ એક પરીવારની ખોટ સારવીએ

## વડોદરાના નિઝામપુરા સ્થિત નારી સંરક્ષણ ગૃહમા ગુંજશે લગ્નની શરણાઇઓ

**વડોદરા સ્થિત** નારી સંરક્ષણ ગૃહમા આશ્રિત એક દીકરીના લગ્ન નક્કી થયા છે: એક ત્યજી દિધેલી દીકરી માટે કન્યાપક્ષ બનશો?

(પ્રતિનિધિ) વડોદરા ,તા.24

દિપાના લગ્ન નક્કિ થયા છે. દિપા કોણ છે? દિપા વડોદરા સ્થિત નારી સંરક્ષણ ગૃહમા આશ્રિત એક દીકરી છે. જેને તેના પરીવારએ વર્ષ ૨૦૧૨માં કોઈ કારણોસર ત્યજી દિધી હતી. આવતા મહિને માર્ચ-૧૦-૧૧ના રોજ દિપાના લગ્ન છે. છોકરો પણ સારો છે. પરીવાર અમદાવાદનો છે અને છોકરો સિવિલ એન્જીનિયર, પ્રાઈવેટ કંપનીમા જોબ કરે છે. પરીવારમા માતપિતા અને મોટી બહેન છે. લગ્નમા વરપક્ષ તરફથી સમગ્ર પરીવાર અને સમાજ આવશે. પરંતુ એક ત્યજી દિધેલી દીકરી માટે કન્યાપક્ષ તરફથી કોણ આવશે?

કોણ દીકરીને કાકા-કાકી બની ગણેશપુજનમા સામેલ થશે? કોણ ભાભી બની પીઠી ચોળશે? કોણ મિત્ર બની ડીજેમા નાચશે. કોણ નાની બહેન બની જીજાના જુતા ચોરી કરશે? કોણ સાસુ બની જમાઇનુ નાક ખેંચશે. કોણ માતાપિતા બની કન્યાદાન કરશે? અને કોણ ભાઇ બની વિદાઇ વખતે આસુંઓ સંતાળશે? પરીવાર વગરનું જીવન કેટલું સંઘર્ષમય હોય છે, તે કોઈ પણ સંરક્ષણ ગૃહમાં રહેલી દીકરીઓને પૂછો.

પરીવાર દ્વારા ત્યજી દેવાયેલી દીપાએ જીવનના અનેક તોફાનો




સહન કર્યા છે. એકલતા, આંસુઓ અને સંઘર્ષ વચ્ચે પણ તેણે હિંમત ન હારી. લગ્ન જીવનનો સૌથી અગત્યનો નિર્ણય છે. જેમાં પરીવારની ભૂમિકા અમૂલ્ય હોય છે. આજે તે નવા જીવનની શરૂઆત કરી રહી છે પરંતુ માતા-પિતાની ખાલી જગ્યા તો તેને આજે પણ ચભતી જ હશે. તેનુ પરીવાર કહેવા માટે ફક્ત નારી સંરક્ષણ ગૃહના કર્મચારીઓ છે જેમણે આટલા વર્ષ પરીવારની જેમ સુખદુખમા સાથ સહકાર આપી દુનિયામા નામ કમાઇ શકે અને સશક્ત બની જીવન જીવી શકે તેવી હિંમતવાન બનાવી શિક્ષણ અને સંસ્કારનું સિંચન કર્યું છે.

દીપાએ હિંમતથી આગળ વધવાનો નિર્ણય લીધો છે. શું આપણે જાગૃત અને સંવેદનશીલ નાગરિકો આ દીકરીનો પરીવાર બની શકીએ? તેની બાજુએ ઊભા રહી તેની આંખોના આંસુઓને ખુશીના આંસુઓમાં ફેરવી શકીએ? પરીવારની જેમ હુંફ અને લાગણી વ્યક્ત કરી લગ્નની તૈયારીઓ અને રિતરિવાજોમા સામેલ થઈએ અને લગ્નના ખર્ચને પહોચી વળવા ચાંડલો, કરીયાવર, કન્યાદાન થકી પરીવારની ગરજ સારીએ. માત્ર દાન નહીં એક દીકરીને પરીવારનો અહેસાસ આપીએ. “બેટી, તું એકલી નથી તારો પરીવાર આજે તારી સાથે છે.” તેવો અનુભવ આપીએ. ભારતિય સંસ્કૃતિમા કન્યાદાન માત્ર એક વિધિ નથી. તેને મહાદાનમા સ્થાન આપવામાં આવ્યું છે. માતાપિતા માટે કન્યાદાન એ જીવનની સૌથી મોટી જવાબદારી પૂર્ણ થવાનો અહેસાસ, એક આશીર્વાદ એક સંસ્કાર છે. જીવનમા કોઇને નિ:સ્વાર્થ ભાવે મદદરૂપ બનવીની ક્ષણ ઘણી ઓછી આવતી હોય છે ત્યારે દીકરીને મદદરૂપ બનવાની આ તક ગુમાવશો નહી.

## ડભોઈ નગરપાલિકાની એક સામાન્ય સભા, ત્રણ એજન્ડા!

**વહીવટની** દશા પર સવાલ

(પ્રતિનિધિ) ડભોઇ, તા.24

ડભોઇ નગરપાલિકાના વહીવટની ખામીઓ વારંવાર અખબારી કૉલમોમાં છપાઈ ચૂકી છે, જેને લઈ નગરજનોમાં વિવિધ ચર્ચાઓ અને સવાલો ઊભા થયા છે. આવી પરિસ્થિતિ વચ્ચે શુક્રવાર તા. 06/03/2026ના રોજ યોજાવા જઈ રહેલી ડભોઇ નગરપાલિકાની સામાન્ય સભા કદાચ છેલ્લી સામાન્ય સભા બની શકે છે, પરંતુ આશ્ચર્યજનક રીતે આ બેઠકમાં ત્રણ એજન્ડા જારી કરાતા તર્કવિતર્ક સર્જાયા છે.

આ ત્રણેય એજન્ડાની વિગતો નગરસેવકો સાથે સાથે અખબારના પ્રતિનિધિઓ સુધી પહોંચતા રાજકીય અને વહીવટી ચર્ચાઓએ વેગ પકડ્યો છે. ચર્ચા છે કે આ છેલ્લી સામાન્ય સભામાં ડભોઇ હદવિસ્તારમાં જોડાયેલા ટીંબી, તરસાણા, વેગા અને કજાપુર ગામોની મિલકતોના ભાડા બાબતે મહત્વપૂર્ણ ઠરાવ લાવવામાં આવી શકે છે. જેને લઈ ચારેય ગામોમાં ભારે વિરોધનો ગણગણાટ શરૂ થયો છે.

અત્રે નોંધનીય બાબત એ છે કે આ ચાર ગામોને ડભોઇ નગરપાલિકામાં જોડવાના મુદ્દે હાઈકોર્ટમાં હજુ કેસ પેન્ડિંગ છે. છતાં આવા સંવેદનશીલ મુદ્દે અંતિમ તબક્કાની સામાન્ય સભામાં ઠરાવ લાવવાનો પ્રયાસ નગરજનો માટે ચિંતા જનક ગણાઈ રહ્યો છે.

આ બેઠકમાં ડભોઇ નગરપાલિકાના પૂર્વ ચીફ ઓફિસર સ્વ. ખેડીયા સાહેબના નિધનને પગલે મૌન પાળવામાં આવશે, પરંતુ સાથે સાથે નગરજનો એ પણ અપેક્ષા રાખી રહ્યા છે કે તેમની કામગીરી અને સેવાઓને યાદ કરી યોગ્ય સન્માન આપવામાં આવે.

આવનારી સામાન્ય સભા હંગામેદાર બનશે એ લગભગ નક્કી માનવામાં આવી રહ્યું છે. ત્રણ દિવસ ડભોઇ અને ત્રણ દિવસ રાજપીપળા ચાર્જ સંભાળતા ચીફ ઓફિસર, નગરસેવકો સાથેનો તેમનો વ્યવહાર પણ ચર્ચાનો વિષય બન્યો છે.